Royal College of Anaesthetists
Association of Anaesthetists
Association of Paediatric Anaesthetists of Great Britain and Ireland

તમારા બાળક નું જનરલ એનેસ્થેટિક

આ પત્રિકા સમજાવે છે કે જ્યારે બાળક અથવા યુવાન વ્યક્તિ હોસ્પિટલમાં જનરલ એનેસ્થેટિક સાથે ઓપરેશન કરાવવા આવે ત્યારે શું અપેક્ષા રાખવી. તે દર્દીના પ્રતિનિધિઓ, માતા-પિતા અને સંભાળ રાખનારાઓ સાથે મળીને કામ કરીને એનેસ્થેટિક ડૉક્ટર દ્વારા લખવામાં આવ્યું છે.

અનુક્રમણિકા

આ પત્રિકા સમજાવે છે કે:

- એનેસ્થેસિયા અને તમારા બાળકની સંભાળ રાખતી ટીમ વિશે સામાન્ય માહિતી
- તમારા બાળકને ઓપરેશન માટે કેવી રીતે તૈયાર કરવું
- બાળકો અને યુવાનો માટે માહિતી સંસાધનો ક્યાંથી મેળવવું
- શસ્ત્રક્રિયા (ઓપરેશન) પહેલા શું થાય છે
- શસ્ત્રક્રિયા (ઓપરેશન) ના દિવસે શું થાય છે
- શસ્ત્રક્રિયા (ઓપરેશન) પછી શું થાય છે
- જોખમ અને સર્વ સમંતિથી કરેલો નિર્ણય.

એનેસ્થેસિયા વિશે

જનરલ એનેસ્થેસિયા એ સુનિશ્ચિત કરે છે કે તમારું બાળક ઊંડી ઊંઘ જેવી સ્થિતિમાં છે અને શસ્ત્રક્રિયા (ઓપરેશન) અથવા પ્રક્રિયા દરમિયાન પીડામુક્ત છે.

એનેસ્થેટિક એવી દવાઓ છે જેનો ઉપયોગ એનેસ્થેસિયા શરૂ કરવા અને જાળવવા માટે થાય છે.

- કેટલાક એનેસ્થેટિક કેન્યુલા નામની પ્લાસ્ટિકની નળીનો ઉપયોગ કરીને નસમાં દવા મોકલાવી ને શરૂ થાય છે.
- અન્ય એનેસ્થેટીક્સ મોં અને નાક પર માસ્ક દ્વારા ગેસના શ્વાસોચ્છવાસ સાથે શરૂ થાય છે. સામાન્ય રીતે જ્યારે તમારું બાળક ઊંઘતું હોય ત્યારે કેન્યુલા મૂકવામાં આવશે.
- એનેસ્થેટિકની જાળવણી કાં તો ગેસને શ્વાસોચ્છવાસ લેવાનું ચાલુ રાખીને અથવા કેન્યુલા દ્વારા એનેસ્થેટિક આપીને અથવા બંનેના મિશ્રણ દ્વારા કરી શકાય છે.

એનેસ્થેટીસ્ટ નિષ્ણાત ડોકટરો છે જે એનેસ્થેટિક આપે છે અને સર્જરી અને પુનઃપ્રાપ્તિ દરમિયાન તમારા બાળકના સ્વાસ્થ્યની સંભાળ રાખે છે. તેઓ શસ્ત્રક્રિયા પછી તમારા બાળકની પીડા રાહત સાથે પણ નજીકથી સંકળાયેલા છે.

ઓપરેશન પૂર્વ મૂલ્યાંકન ક્લિનિક / ટેલિફોન સ્ક્રીનીંગ

હોસ્પિટલની નર્સ શસ્ત્રક્રિયાના દિવસ પહેલા તમારા બાળકના સ્વાસ્થ્ય અને દવા વિશે કેટલીક વિગતો મેળવવા માટે તમને ફોન કરવાની વ્યવસ્થા કરી શકે છે. આનાથી ઓપરેશનના દિવસ પહેલાં, જો જરૂરી હોય તો, વધારાના પરીક્ષણો અથવા ઉપકરણો ગોઠવવાનો પણ સમય તેમને મળશે.

ઘણી હોસ્પિટલો બાળકોને, ખાસ કરીને લાંબા ગાળાની બીમારીઓ ધરાવતા અથવા મોટી શસ્ત્રક્રિયા કરનારા બાળકોને, ઓપરેશન પૂર્વ મૂલ્યાંકન ક્લિનિકમાં જવા માટે કહશે. અહીં તેઓ તમારા બાળકના સ્વાસ્થ્ય, દવા, અને એલર્જી વિશે પૂછશે. તેઓ શસ્ત્રક્રિયા પહેલાંના કોઈપણ ચેપને તપાસવા માટે ત્વચા માંથી સ્વેબ લેશે (ત્વચાને નરમાશથી નરમ કાપૂસથી ઘસ્વામા આવે છે) અને જરૂરી રક્ત પરીક્ષણો કરવામાં આવશે.

તમે એનેસ્થેટિક ડૉક્ટરને પણ મળી શકો છો જે એનેસ્થેટિક વિકલ્પો અને કોઈ ચોક્કસ જોખમો વિશે ચર્ચા કરી શકે છે. એનેસ્થેટિક ડૉક્ટર અથવા પ્રીએસેસમેન્ટ નર્સ સામાન્ય રીતે તમારા બાળકના એનેસ્થેટિક અથવા ઇન્જેક્શન સાથેના અગાઉના અનુભવો વિશે પૂછશે, ઉદાહરણ તરીકે રસીકરણ. ઘણીવાર તબીબી કારણો સર એક પ્રકારની એનેસ્થેટિક બીજા કરતા વધુ સારા હોઈ શકે છે. તેઓ તમારી સાથે ચર્ચા કરશે કે તેઓ ભલામણથી કેવી રીતે એનેસ્થેટિક શરૂ કરવામાં આવશે અને તેના કારણો શું છે.

તમારી સાથે ચર્ચા કર્યા પછી, એક યોજના પર સંમત થશે. ઓપરેશનના દિવસે તમારા બાળકની પ્રતિક્રિયા અને પ્રતિભાવના આધારે ક્યારેક યોજના બદલવી પડી શકે છે.

તમે સર્જરીના દિવસે અથવા તે પહેલાં કોઈપણ સમયે તમારી પાસે કોઈપણ મુદ્દાઓ ઉઠાવી શકશો.

તમારા બાળકને તૈયાર કરવો

બાળકને હોસ્પિટલમાં આવવા માટે એકત્ર કરવા માટે તમે ઘણી વસ્તુઓ કરી શકો છો. જ્યાં સુધી તમારું બાળક ખૂબ નાનું ન હોય, તમારે સમજાવવા નો પ્રયાસ કરવો જોઈએ:

- કે તેઓ હોસ્પિટલમાં જઈ રહ્યા છે
- કે તેઓનું ઓપરેશન અથવા તપાસ કરવામાં આવશે
- જ્યારે તેઓ હોસ્પિટલમાં હોય ત્યારે તેમની સાથે શું થશે તે વિશેની કેટલીક મૂળ માહિતી.

આ માહિતી પ્રદાન કરવાનો શ્રેષ્ઠ સમય બાળકો વચ્ચે અલગ હશે. પૂર્વશાળાના બાળકોને કદાચ એક દિવસ પહેલા જ જાણવાની જરૂર છે. મોટા બાળકોને વધુ સમયની જરૂર પડી શકે છે.

અમારી વેબસાઇટ પર વિવિધ ઉંમરના બાળકો માટે પત્રિકાઓ પણ છે જે અહીં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages. ગ્રેટ બ્રિટન અને આયર્લેન્ડના એસોસિએશન ઓફ બાળરોગ એનેસ્થેટીસ્ટ પર વધુ માહિતી પણ ઉપલબ્ધ છે: www.apagbi.org.uk/children-and-young-people

કેટલીક હોસ્પિટલો બાળકોને ઓપરેશનના દિવસ પહેલા બાળકોના સર્જિકલ વોર્ડ અથવા એનેસ્થેટિક રૂમની મુલાકાત લેવાની તક આપે છે. તમારા બાળકને તૈયાર કરવામાં અને અસ્વસ્થતા ઘટાડવામાં આ મદદ કરવાનો એક સારો માર્ગ છે. કેટલીક હોસ્પિટલો એપ્સ અને વીડિયો દ્વારા વર્ચ્યુઅલ ટુર ઓફર કરે છે.

ઘણી હોસ્પિટલોમાં પ્લે-થેરેપી ટીમ હોય છે જે રમત દ્વારા સ્પષ્ટીકરણ અને ચર્ચાને પ્રોત્સાહિત કરે છે.

તમારા બાળકને શું કહેવું

- સમજાવો કે ઓપરેશન અથવા ટેસ્ટ દ્વારા તમારા બાળકને સારું થવામાં અથવા હાલની તબીબી સ્થિતિ સુધારવામાં મદદ કરશે.
- તમારા બાળકને ઓપરેશન વિશે વાત કરવા અને પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરો. પુસ્તકો, રમતો અને વાર્તાઓ સહાય કરી શકે છે.
- તમારા બાળકને સમય વિશે કહો. તેઓ ઓપરેશન અથવા તપાસ ક્યારે કરશે? હોસ્પિટલમાં તેમનો રોકાણ કેટલો સમય રહેશે (જો તમે આ જાણતા હોય તો)?
- જો તમારું બાળક આખી રાત હોસ્પિટલમાં રોકાવન હોય, તો તેઓને જણાવો કે શું તમે પણ રહી શકશો. જો તમને ખાતરી ના હોય તો તમે પુષ્ટિ કરવા માટે હોસ્પિટલને કૉલ કરી શકો છો.

હોસ્પિટલમાં શું લાવવું

તમારે હોસ્પિટલમાં શું લેવું જોઈએ તે અંગે તમારી નર્સ તમને સલાહ આપી શકે છે, પરંતુ કૃપા કરીને આ લાવો:

- કોઈપણ નિયમિત દવા, મૂળ પેકેજિંગમાં, જે તમારું બાળક સામાન્ય રીતે લે છે
- પાયજામા, ચપ્પલ, વધારાના કપડાં, ચડ્ડી અથવા નેપીઝ
- ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, હેરબ્રશ અને ટોયલેટરીઝ
- મનપસંદ ટેડી અથવા રમકડું
- પુસ્તક અથવા ચિત્રપોથી
- મોબાઇલ ફોન અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો પરંતુ ચાર્જર અને હેડફોન સાથે.

બાળકોને ઘણીવાર શું પેક કરવું તે નક્કી કરવામાં આનંદ આવે છે, પરંતુ વધુ પડતા રમકડાંનો સમાવેશ ન કરવો શ્રેષ્ઠ છે, કારણ કે ઘણી વખત હોસ્પિટલ દ્વારા રમકડાં અને પ્રવૃત્તિઓ પ્રદાન કરવામાં આવે છે.

શસ્ત્રક્રિયા પહેલાં બરાબર નથી?

જો તમારા બાળકને ઓપરેશનના બે અઠવાડિયાની અંદર નોંધપાત્ર ઉધરસ અથવા શરદી, અથવા ઓપરેશનના દિવસના થોડા દિવસોમાં ઝાડા અથવા ઉલટી થાય તો તમારે હોસ્પિટલને ફોન કરવો જોઈએ. જ્યાં સુધી તમારું બાળક સારું ન થાય ત્યાં સુધી ઓપરેશનમાં વિલંબ કરવો જરૂરી છે.

ઉધરસ અને શરદી બાળકોને, ખાસ કરીને નાની ઉંમરના બાળકોને એનેસ્થેટિક હેઠળ શ્વાસ લેવામાં તકલીફ થવાની શક્યતા વધારે છે. તેવા બાળકોને છાતીમાં ચેપનું જોખમ વધારે છે. તેથી જો તમારા બાળકની તબિયત લથડતી હોય તો તમે હોસ્પિટલના કર્મચારીઓને જાગૃત કરો તે મહત્વનું છે.

તમારું બાળક ચિકનપોક્સ, ઓરી અથવા અન્ય ચેપના તાજેતરના સંપર્કમાં છે કે કેમ તે તમારે હોસ્પિટલના સ્ટાફને પણ જણાવવું જોઈએ.

તાજેતરના રસીકરણ એ એનેસ્થેટિક લેતા બાળકો માટે સામાન્ય રીતે સમસ્યા હોતી નથી, સિવાય કે તેઓ સર્જરી કરાવતા પહેલા જ ઉંચો તાવ આવે,આ સ્થિતિમાં શસ્ત્રક્રિયામાં વિલંબ કરવો તે વધુ સારું છે. આ ખૂબ જ અસામાન્ય છે, તેથી અમે માતાપિતાએ આયોજિત રસીકરણ ચાલુ રાખવાની સલાહ આપીશું અને આયોજિત શસ્ત્રક્રિયાને કારણે તેમને ના તળતા.

જોખમ અને સર્વ સમંતિથી કરેલો નિર્ણય

આધુનિક એનેસ્થેટિક સાથે ભાગ્યે જ ગંભીર સમસ્યાઓ હોય છે. મોટાભાગના બાળકો ઝડપથી સ્વસ્થ થાય છે અને તેમના ઓપરેશન અને એનેસ્થેટિક પછી તરત જ સામાન્ય થઈ જાય છે. ઘણા બાળકો બીમાર અથવા ગળા માં દુખાવો થઈ શકે છે. આ સામાન્ય રીતે ટૂંક સમય સુધી ચાલી શકે છે. ઉલટી અને માંદગીની સારવાર માટેની દવાઓ ઉપલબ્ધ છે અને ઘણી વાર આપવામાં આવે છે.

જનરલ એનેસ્થેટિક ધરાવતાં બાળકો અને યુવાન લોકો માટે **એનેસ્થેસિયામાં સામાન્ય ઘટનાઓ અને જોખમો**વિશે વધુ માહિતી અમારી વેબસાઇટ પર મળી શકે છે, જે અહીં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages

સર્વ સમંતિથી કરેલો નિર્ણય

સર્વ સમંતિથી કરેલો નિર્ણય સુનિશ્ચિત કરે છે કે વ્યક્તિ તેમના માટે શું યોગ્ય છે તે નક્કી કરવા માટે સમર્થન ધરાવે છે. તે એક સહયોગી પ્રક્રિયા છે, જેના દ્વારા ચિકિત્સક દર્દીને તેમની સારવાર વિશે નિર્ણય લેવામાં મદદ કરે છે.

વાતચીત એકસાથે લાવે છે:

- ચિકિત્સકની કુશળતા, જેમ કે સારવારના વિકલ્પો, પુરાવા, જોખમો, અને ફાયદા
- દર્દી શું સારી રીતે જાણે છે: તેમની પસંદગીઓ, વ્યક્તિગત સંજોગો, ધ્યેયો, મૂલ્યો, અને માન્યતાઓ.

વધુ જાણકારી મેળવો: www.england.nhs.uk/personalisedcare/shared-decision-making

અહીં કેટલાક ઉપકરણો છે જેનો ઉપયોગ તમે તમારા અનેસ્થેટીસ્ટ અથવા ઓપરેશન પહેલા મૂલ્યાંકન સ્ટાફ સાથે તમે ચર્ચા કરી શકો છો:

સમજદારીપૂર્વક UK BRAN ફ્રેમવર્કને પસંદ કરવું

સારવાર વિશે પ્રશ્નો પૂછવા માટે રીમાઇન્ડર તરીકે આનો ઉપયોગ કરો.
https://bit.ly/CWUK_leaflet

NHS ત્રણ પ્રશ્નો પૂછે છે

તમારી આરોગ્ય સંભાળ વિશે પસંદગીઓ હોઈ શકે છે.
https://bit.ly/NHS_A3Qs

પેરિઓપરેટિવ કેરનું કેન્દ્ર (CPOC)

CPOC એ સર્વ સમંતિથી કરેલ નિર્ણયને સમજાવવા માટે એનિમેશન બનાવ્યું છે.
www.cpoc.org.uk/shared-decision-making

તમારા બાળકના ઓપરેશનના દિવસે

તમારા બાળકે ક્યારે ખાવા-પીવાનું બંધ કરવું જોઈએ તે અંગે હોસ્પિટલે તમને સ્પષ્ટ સૂચના આપવી જોઈએ. તમારા અને તમારા બાળક માટે આ સૂચનાઓનું પાલન કરવું મહત્વપૂર્ણ છે.

જો એનેસ્થેટિક દરમિયાન તમારા બાળકના પેટમાં ખોરાક અથવા પ્રવાહી હોય, તો તે ગળાના પાછલા ભાગમાં ચડી શકે છે અને તેમના ફેફસાંમાં જાય શકે છે. જો તમારા બાળકને તાજેતરમાં જ ખોરાક ખાધો હશે તો ઓપરેશન વિલંબ થશે શકે અથવા અલગ દિવસ સુધી વિલંબિત રાખવામાં આવશે.

જો બાળકોને ખાવા-પીધા વગર જરૂરી કરતાં વધુ રાહ જોવી ન પડે તો બાળકો વધુ આરામદાયક છે. કેટલીક હોસ્પિટલો બાળકોને આગમન પર કંઈક પીવા માટે પરવાનગી આપે છે અથવા પ્રોત્સાહિત કરે છે.

બિન-જરૂરી શસ્ત્રક્રિયા પહેલાં તમે તમારા બાળકને ક્યારે ખાવા કે પીવા માટે કંઈક આપવા માટે ના નીચે આપેલ સમય થી સૌ સામંત છે, પરંતુ કૃપા કરીને તમને આપવામાં આવેલી હોસ્પિટલની સૂચનાઓનું પાલન કરો, કારણ કે તે અલગ હોઈ શકે છે.

- બાળકો શસ્ત્રક્રિયાના છ કલાક પહેલાં થોડું હલકો ભોજન અને / અથવા એક ગ્લાસ દૂધ લઈ શકે છે. તે પછી તેઓએ મીઠાઈઓ સહિત કંઈપણ ખાવું જોઈએ નહીં અને ચ્યુઈંગ ગમ ટાળવી જોઈએ.
- સ્તનપાન કરતા બાળકોને તેમની શસ્ત્રક્રિયાના ચાર કલાક પહેલા માતાનું દૂધ આપી શકાય છે.
- બોટલ-ફીડ બાળકોને શસ્ત્રક્રિયાના છ કલાક પહેલાં ફોર્મ્યુલા દૂધ મળી શકે છે (કૃપા કરીને ખૂબ જ નાના અથવા અકાળ બાળકો માટે કોઈપણ અલગ સૂચનાઓ માટે તમારી હોસ્પિટલમાં તપાસો).
- બાળકોએ તેમની શસ્ત્રક્રિયા પહેલાંના એક કલાક સુધી પાણી પીવું અથવા ખૂબ જ પાતળું સ્ક્વોશ ચાલુ રાખવું જોઈએ. આ તેમને સારી રીતે જલયોજિત અને આરામદાયક રહેવામાં મદદ કરે છે.

તમારા બાળકને કોઈ પણ દવાઓ શસ્ત્રક્રિયાના દિવસે સૂચના મુજબ લેવી જોઈએ.

જ્યારે તમે હોસ્પિટલમાં આવો છો, ત્યારે તમારા બાળકનું વજન કરવામાં આવશે અને માપવા લેવા માં આવશે (સિવાય કે આ અગાઉની એપોઇન્ટમેન્ટમાં કરવામાં આવ્યું હોય). એક નર્સ તેમનું તાપમાન, પલ્સ અને શ્વાસ લેવાની તપાસો કરશે અને ઓક્સિજનના સ્તર અને બ્લડ પ્રેશરનું માપન કરશે.

12 વર્ષથી વધુ ઉંમરની કોઈપણ છોકરી માટે પેશાબના નમૂના એકત્રિત કરીને ગર્ભાવસ્થા પરિક્ષણ કરવું એ પ્રમાણભૂત પ્રથા છે. વધુ માહિતી અહીં મળી શકે છે:
https://bit.ly/NHS-Leaflet

નર્સ દવાઓ અને એલર્જી વિશે પૂછશે અને તમારા બાળકના કાંડા અથવા પગની ઘૂંટી પર બે ઓળખ બેન્ડ લગાવશે. કેટલીક હોસ્પિટલોમાં, જો તમારા બાળકને કોઈ એલર્જી હોય, તો તેઓ વધારાની બેન્ડ અથવા અલગ રંગનો બેન્ડ પહેરાવશે.

સર્જરી પેહલા તમારા બાળકની એનેસ્થેટિક અંગે ચર્ચા કરવા માટે એનેસ્થેટિક ડૉક્ટર તમારી મુલાકાત લેશે.

એનેસ્થેટિસ્ટને તમારા બાળકના સામાન્ય સ્વાસ્થ્ય વિશેની માહિતી જાણવા જરૂર છે, જેમાં શામેલ છે:

- એનેસ્થેસિયાના અગાઉના અનુભવો
- તમારું બાળક જે કોઈપણ દવાઓ લે છે તેના વિષે
- તેમને કોઈપણ એલર્જી છે તેના વિષે
- તાજેતરની કોઈપણ ઉધરસ, શરદી, અથવા ઝાડા અને ઉલટી.

જો તમારા બાળકને અથવા પરિવારના અન્ય સભ્યોને એનેસ્થેટિક સાથે અગાઉની કોઈ તકલીફ થઈ હોય તો એનેસ્થેટિસ્ટને જણાવવું અને તમારી અથવા કોઈ સંબંધી પાસે હોય તેવી કોઈપણ માહિતી લાવવી ખરેખર મહત્વપૂર્ણ છે.

તમને અથવા તમારા બાળકને એનેસ્થેટિક વિશે હોય તેવી કોઈપણ ખાસ ચિંતાઓ વિશે વાત કરવાનો આ સારો સમય છે. તમે જે પ્રશ્નો પૂછવા માંગો છો તેની સૂચિ બનાવવી આ સમયે તમને મદદરૂપ થઈ શકે છે.

તમારા બાળકને જે પ્રકારની શસ્ત્રક્રિયા કરવામાં આવી રહી છે તેના આધારે, એનેસ્થેટીસ્ટ લોકલ એનેસ્થેટિક વડે નસોને સુન્ન કરી શકે છે જ્યારે તમારું બાળક ઊંઘી રહ્યું હોય ત્યારે અને શતરક્રિયા ઊચી પણ તેઓને દર્દ રાહતમાં મદદ કરે છે.

તેમને વધારાના ટીપાં અથવા કેન્યુલલ્સનો ઉપયોગ કરવાની જરૂર પણ પડી શકે છે. જ્યારે તમારા બાળક ઊંઘમાં અને આરામદાયક હોય ત્યારે સલામત રાખવા માટેના ઉપકરણોના મહત્વ અને કારણો અંગે તેઓ તમારી સાથે ચર્ચા કરશે .

ઓપરેશન અથવા તપાસમાં વિલંબ

પ્રસંગોપાત તમારા બાળકના મૂલ્યાંકન દરમિયાન, એનેસ્થેટિસ્ટ તમારા બાળક વિશે કંઈક શીખી શકે છે જેનો અર્થ છે કે તે દિવસે પ્રક્રિયા ન કરવી વધુ સુરક્ષિત રહેશે. જો આવું થાય, તો તેઓ સલાહ આપશે કે શું અને ક્યારે તેઓ અપેક્ષા રાખે છે કે પ્રક્રિયા સાથે આગળ વધવું સલામત રહેશે.

પ્રિમેડિકેશન (પ્રીમેડ)

એનેસ્થેટિક પહેલાં આપવામાં આવતી કોઈપણ દવાનું આ નામ છે.

તમારા બાળકને આરામ કરવામાં મદદ કરવા માટે એનેસ્થેટિસ્ટ તમારી સાથે શામક દવાઓની જરૂરિયાત વિશે ચર્ચા કરી શકે છે. જો કે, આ નિયમિત રીતે આપવામાં આવતું નથી કારણ કે તે ઓપરેશન પછી બાળકોને સુસ્ત બનાવી શકે છે. પીડા રાહત દવાઓ પણ પ્રીમેડ તરીકે આપી શકાય છે અથવા એનેસ્થેટિક ડૉક્ટર અસ્થમા જેવી સ્થિતિ માટે વધારાની સારવાર સૂચવી શકે છે.

મોટાભાગની પ્રીમેડ્સ મોં દ્વારા પ્રવાહી દવાઓ તરીકે આપવામાં આવે છે, પરંતુ કેટલીક હોસ્પિટલો અન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

લોકલ એનેસ્થેટિક ક્રીમ

લગભગ તમામ બાળકોના હાથની પાછળના ભાગમાં સુન્ન કરનાર ક્રીમ લગાવવામાં આવશે અને તેને સ્પષ્ટ ડ્રેસિંગથી ઢાંકવામાં આવશે. તે એક સ્થાનિક એનેસ્થેટિક ક્રીમ છે જે કામ કરવા માટે 30-60 મિનિટ લે છે.

જ્યારે તમારા બાળકના હાથ અથવા હાથમાં કેન્યુલા મૂકવામાં આવે ત્યારે આ ક્રીમ લાગણી ઘટાડે છે.

જો ક્રીમનો ઉપયોગ કરી શકાતો નથી, તો વિસ્તારને સુન્ન કરવાને બદલે સ્થાનિક એનેસ્થેટિક કોલ્ડ સ્પ્રેનો ઉપયોગ કરી શકાય છે.

થિયેટરમાં જવું

ઓપરેશન થિયેટરમાં જતા સમયે મોટાભાગની હોસ્પિટલો તમારા બાળકને પહેરવા માટે રંગબેરંગી ગાઉન પ્રદાન કરે છે. તમારું બાળક તેમના પોતાના કપડાં અથવા પાયજામા પહેરી શકશે. તેઓ જરૂર મુજબ નેપી અથવા પુલ-અપ પહેરી શકે છે. તમારી નર્સ તમને સલાહ આપશે કે કઇ ચડ્ડી પહેરી શકાશે.

તમારું બાળક એનેસ્થેટિક રૂમમાં ચાલી શકે છે, બેડ પર, વ્હીલચેર પર અથવા હોસ્પિટલની ટ્રોલી પર મુસાફરી કરી શકે છે અથવા લઈ જઈ શકે છે. કેટલાક એકમો વધુ મનોરંજક પ્રકારનાં પરિવહન પ્રદાન કરે છે. કેટલીક હોસ્પિટલોમાં તેઓ ઇલેક્ટ્રિક કારમાં સવારી આપી શકે છે.

એનેસ્થેટિક રૂમમાં

એક નર્સ અથવા હેલ્થ-કેર પ્રેક્ટિશનર જેમ કે વોર્ડની પ્લે સ્પેશિયાલિસ્ટ તમારી અને તમારા બાળકને એનેસ્થેટિક રૂમમાં લઈ જશે. તમારું બાળક રમકડા અથવા ધાબળુ લઈ શકશે. મોબાઈલ ફોન અથવા ટેબ્લેટ ખાસ કરીને બાળકોને રમતો અથવા તેમના મનપસંદ કાર્યક્રમથી વિચલિત કરવા માટે ઉપયોગી થઈ શકે છે.

જો તમે ઈચ્છો છો, તો તમને એનેસ્થેટિક આપવામાં આવે છે, જ્યારે તમારા બાળકને તેમને દિલાસો આપવા માટે તેમની સાથે રહેવાનું તમારું સ્વાગત છે. ત્યાં ખૂબ ઓછા સંજોગો છે જ્યારે આ શક્ય નહીં હોય.

જો તમે પોતે ખૂબ જ બેચેન છો, તો તમારે તમારા બાળકને એનેસ્થેટિક રૂમમાં સાથે રેહવાની જરૂર નથી. તેના બદલે કુટુંબનો બીજા કોઈ સભ્ય અથવા વોર્ડ નર્સ અથવા પ્લે થેરાપિસ્ટ તેની સાથે જઈ શકે છે. કેટલાક સંભાળ રાખનારાઓને તેમના બાળકને નિશ્ચેતન કરવામાં આવતા જોઈને દુઃખ થાય છે - જો તમે તમારા બાળક સાથે રહો છો તો તમે થોડી લાગણીશીલ થવા માટે તૈયાર રહો.

જ્યારે તમારું બાળક ટ્રોલી પર પડેલું હોય ત્યારે એનેસ્થેટિક શરૂ કરી શકાય છે. નાના બાળકોને તમારી ખોળામાં બેસાડીને એનેસ્થેસીયા આપી શકાય છે. પછી સ્ટાફ તેમને ટ્રોલી પર મૂકશે ક્યારેક તમારી સહાયથી જો તમે સક્ષમ હોવ.

જો એનેસ્થેટિક શરૂ કરવા માટે કેન્યુલાનો ઉપયોગ કરવામાં આવે છે તો તમારું બાળક સામાન્ય રીતે એનેસ્થેટિક થઈ જશે અને ખૂબ જ ઝડપથી સુસ્ત થઈ જશે. કેટલીકવાર આ હાથમાં ઠંડક અથવા ઝણઝણાટી લાગશે. ત્યારબાદ એનેસ્થેટીસ નિષ્ણાંત એનેસ્થેટિક ચાલુ રાખવા અને સલામતી માટે વધારાના ઓક્સિજન પ્રદાન કરવા માટે માસ્કનો ઉપયોગ કરશે.

જો એનેસ્થેટિક ગેસથી શરૂ કરવામાં આવે તો એનેસ્થેટિક ડૉક્ટર સામાન્ય રીતે ગેસ આપવા માટે માસ્કનો ઉપયોગ કરે છે અથવા તેઓ તમારા બાળકના નાક અને મોં પર હળવેથી મુકેલા હાથ દ્વારા ગેસ પસાર કરી શકે છે. એનેસ્થેટિક વાયુઓ સ્કેચ પેન જેવી જ ગંધ આપે છે.

એકવાર તમારા બાળકને એનેસ્થેટીસ કરવામાં આવ્યા પછી, એનેસ્થેટિક ડૉક્ટર કેન્યુલામાં મૂકશે જેથી તેઓ પીડા રાહત અને જરૂરી એનેસ્થેટિક દવાઓ આપી શકશે છે.

એનેસ્થેટિકને અસરમાં લાવવા માટે તે સામાન્ય રીતે થોડો સમય લે છે (થોડીક સેકંડથી થોડી મિનિટો સુધી કંઈપણ). આ સમય દરમિયાન બાળકો માટે બેચેન થવું અથવા તેમના શ્વાસોચ્છવાસ અલગ રીતે સંભળાય તે એકદમ સામાન્ય છે.

પછી શું થાય છે?

તમારું બાળક સૂઈ જાય કે તરત જ, સ્ટાફનો એક સભ્ય તમને થિયેટર વિસ્તારની બહાર લઈ જશે જેથી એનેસ્થેટિક ટીમને ઑપરેશનમાં આગળ વધવા દેવામાં આવે.

તમે તમારા બાળક સાથે ઑપરેટિંગ થિયેટરમાં જઈ શકશો નહીં, પરંતુ એનેસ્થેટીસ્ટ સમગ્ર પ્રક્રિયા દરમિયાન તેમની સાથે રહેશે અને તમારા બાળકના બ્લડ પ્રેશર, પલ્સ, શ્વાસોચ્છવાસ અને ઑક્સિજનના સ્તરનું નજીકથી નિરીક્ષણ કરશે, ખાતરી કરશે કે તેઓ સુરક્ષિત છે અને સંપૂર્ણ એનેસ્થેટીસ છે.

આ બહાર જવાનો અને જાતે ખાવા-પીવા માટે કંઈક લેવાનો સારો સમય છે, પરંતુ સ્ટાફને જણાવો કે તમે જઈ રહ્યા છો અને તેમને મોબાઈલ ફોન નંબર આપો જેના પર તમારો સંપર્ક કરી શકાય.

શસ્ત્રક્રિયા (ઓપરેશન) પછી

રિકવરી રૂમમાં

મોટાભાગના બાળકો રીકવરી રૂમમાં જાગે છે. જ્યારે તેઓ જાગશે ત્યારે કેન્યુલા પર એક પટ્ટી તેમને સુરક્ષિત રાખવા અને દૃષ્ટિની બહાર રાખવા માટે હશે.

પુનઃપ્રાપ્તિ દરમિયાન, દરેક બાળકની સંભાળ નિષ્ણાત નર્સ અથવા અન્ય યોગ્ય લાયકાત ધરાવતા પ્રેક્ટિશનર દ્વારા કરવામાં આવે છે જે ખાતરી કરશે કે તમારું બાળક આરામદાયક છે. જો જરૂર પડે તો તેઓ વધારાની પીડા રાહત અને માંદગી વિરોધી દવાઓ આપશે. એકવાર તમારું બાળક જાગૃત અને આરામદાયક થઈ જાય પછી તમને તેની સાથે રહેવા માટે બોલાવવામાં આવશે. એનેસ્થેટિક ડૉક્ટર નજીક છે અને જો જરૂરી હોય તો મદદ કરી શકે છે.

જાગવામાં પરેશાની

કેટલાક બાળકો જાગૃત થાય ત્યારે મૂંઝવણ અને / અથવા તકલીફના સંકેતો બતાવે છે. પ્રિ-સ્કૂલ વયના નાના બાળકોમાં આ વધુ સંભવ છે.

કેટલાક બાળકો ખૂબ જ ઉશ્કેરાયેલા બની શકે છે, ખાસ કરીને નાના બાળકો. તેઓ રડશે અને લોટશે (ઉંધા થશે) અથવા તેમના હાથ અને પગને જોરથી હલાવશે. આ વર્તણૂક લગભગ 30 મિનિટ અને ક્યારેક-ક્યારેક વધુ સમય સુધી ચાલી શકે છે. રેકવરી રૂમના સ્ટાફને આ સમયે બાળકોની સંભાળ લેવાનો અનુભવ છે. તેઓ વિચાર કરશે કે વધુ પીડા રાહત દવા મદદ કરશે કે નહીં. તેઓ તમને સલાહ આપશે કે તમારા બાળકને કેવી રીતે શ્રેષ્ઠ આરામ અને આશ્વાસન આપવું.

જો કોઈ બાળક તકલીફમાં જાગે છે તો આ માતા-પિતા માટે સ્વાભાવિક રીતે ચિંતાજનક છે. જો તમારા બાળકને ભૂતકાળમાં આ પ્રકારની તકલીફનો અનુભવ થયો હોય તો તમારા એનેસ્થેટિસ્ટને જણાવવું યોગ્ય રહેશે, જેથી તેઓ ભવિષ્યમાં તેને ટાળી શકાય તેની રીતો વિશે ચર્ચા કરી શકે.

દર્દમાં રાહત

તમારું બાળક શક્ય તેટલું આરામદાયક રીતે જાગે તેની ખાતરી કરવા માટે એનેસ્થેટિક દરમિયાન પીડા રાહત આપતી દવાઓ અને ક્યારેક સ્થાનિક એનેસ્થેટિક આપવામાં આવે છે. પીડા રાહતનો પ્રકાર સર્જરીની પ્રક્રિયા પર આધારિત છે.

નિશ્ચેતન એનેસ્થેટિક ડૉક્ટર, સર્જન અને / અથવા વોર્ડ સ્ટાફ તમારી સાથે તમારા બાળક માટે શ્રેષ્ઠ પ્રકારની દર્દમાં રાહત વિશે વાત કરશે.

ઘરે જવું

ઓપરેશન અથવા પ્રક્રિયા પતયા પછી એજ દિવસે તમારા બાળક ઘરે પાછા જવાનું હંમેશાં શક્ય છે જો સર્જન અને એનેસ્થેટીસ્ટ નિષ્ણાતને ખાતરી થશે કે આ સલામત વિકલ્પ છે અને તમારું બાળક સારી રીતે સ્વસ્થ થઈ રહ્યું છે.

ઘરે પીડા રાહત માટેની દવાઓ કેવી રીતે આપવી તે વિશે તમને સલાહ આપવામાં આવશે. જ્યારે તમારું બાળક ઘરે સ્વસ્થ થઈ રહ્યું હોય ત્યારે તૈયાર રહેવા માટે પેડિયાટ્રિક પેરાસિટામોલ અને આઈબુપ્રોફેનનો સ્ટોક કરવો પણ ઉપયોગી થઈ શકે છે. તમારે તમારા બાળક માટે પીડા રાહત વિશે જે સલાહ આપવામાં આવી છે તેનું ખૂબ કાળજીપૂર્વક પાલન કરવું જોઈએ.

કેટલાક બાળકો ઘરની મુસાફરીમાં બીમાર લાગે છે અથવા બીમાર હોઈ શકે છે. ત્યાર રહેવું ઉપયોગી છે!

ઓપરેશનના દિવસે જો તમે તમારા બાળકને ઘરે લઈ જાવ છો, તો જો તમને ઘરે તમારા બાળક વિશે ચિંતા હોય તો ફોન કરવા માટે તમને એક ફોન નંબર આપવામાં આવશે.

તમે પૂછવા માંગો તેવા પ્રશ્નો

જો તમને તમારા બાળકના એનેસ્થેટિક વિશે પ્રશ્નો હોય, તો તેમને લખો (તમે નીચેના ઉદાહરણોનો ઉપયોગ કરી શકો છો અને નીચેની જગ્યામાં તમારા પોતાના ઉમેરી શકો છો). તમારે જો તમારી શસ્ત્રક્રિયાના (ઓપરેશન) દિવસ પહેલાં એનેસ્થેટિક ડૉક્ટર સાથે વાત કરવી હોય, તો ઓપરેશન પહેલા મૂલ્યાંકન ટીમનો સંપર્ક કરો કે જે એનેસ્થેટિક ડૉક્ટર સાથે તમારી ફોન પર અથવા રૂબરૂ ક્લિનિકમાં વાતચીત ગોઠવવાનો પ્રયત્ન કરશે.

1 શું મારા બાળકને કોઈ ચોક્કસ જોખમો છે?

2 એનેસ્થેટિક વિશે મારે મારા બાળક સાથે વાત ક્યારે શરૂ કરવી જોઈએ?

3 હું મારા બાળકની ચિંતાને કેવી રીતે નિયંત્રિત કરી શકું?

4 મારું બાળક ક્યારે શાળાએ પરત ફરી શકશે?

5 ...

6 ...

7 ...

અસ્વીકરણ

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયાસ કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે આ સામાન્ય માહિતી તમારી પાસેના બધા પ્રશ્નોને અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય તે દરેક વસ્તુ સાથે વ્યવહાર કરે એવી અપેક્ષા રાખતા નથી. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને, તમારે તમારી મેડિકલ ટીમ સાથે તમારી પસંદગીઓ અને કોઈપણ ચિંતાઓની ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા જાતે જ સલાહ તરીકે માનવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક હેતુ માટે કરી શકાય નહિ. સંપૂર્ણ અસ્વીકરણ માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો (www.rcoa.ac.uk/patient-information/translations/gujarati).

બધા અનુવાદો Translators without Borders (ટ્રાન્સ્લેટર વિથાઉટ બૉર્ડર્સ) સમુદાયના અનુવાદકો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામા આવેલ છે, પરંતુ તેમાં કેટલીક માહિતીના અચોક્કસ અને ખોટા અર્થઘટનનું જોખમ છે.

તમે શું વિચારો છો તે અમને કહો

જો તમને કોઈ સામાન્ય ટિપ્પણીઓ હોય, તો કૃપા કરીને તેમને આના પર ઇમેઇલ કરો:patientinformation@rcoa.ac.uk

Royal College of Anaesthetists
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R 4SG
020 7092 1500

www.rcoa.ac.uk

સાતમી આવૃત્તિ, ઓક્ટોબર 2023

પ્રકાશનની તારીખના ત્રણ વર્ષમાં આ પત્રિકાની સમીક્ષા કરવામાં આવશે.

© 2023 Royal College of Anaesthetists
આ પત્રિકાની દર્દીની માહિતી સામગ્રીઓ બનાવવાના હેતુથી નકલ કરવામાં આવી શકે છે. કૃપા કરીને આ મૂળ સ્રોતનો ઉલ્લેખ કરો. જો તમે આ પત્રિકાના ભાગનો ઉપયોગ અન્ય પ્રકાશનમાં કરવા માંગતા હો, તો યોગ્ય સ્વીકૃતિ આપવી જોઈએ અને લોગો, બ્રાન્ડિંગ, છબીઓ અને ચિહ્નો કાઢી નાખવા જોઈએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.